

ψજય હો શ્રી અગાસીમાતાનો ψ 卐શ્રી ગણેશાય નમઃ 卐 ψજય હો શ્રી દેવરાહબાબાનો ψ

**શ્રી અગાસીમાતાનું સ્વપ્ન મંદિર ,ધુલીયા રોડ, બારડોલી, જી.સુરત , ગુજરાત**

## પૂર્વ પરિચય

**શ્રી અગાસીમાતાનું આદ્યસ્થાનક એ લાકોકતી મુજબ ત્રણસો સાડાત્રણસો વર્ષ પુરાણું પ્રાચીન ચમત્કારી પ્રભાવ ધરાવતું સ્થાન છે. મૂળ નામ અઘનાશી - અઘન એટલે દુઃખ અને અઘનાશી એટલે દુઃખોનો નાશ કરનારી દેવી, જે કાળક્રમે અપભ્રંશ થતાં શ્રી અગાસીમાતાનું સ્થાનક બન્યું. વર્ષો પહેલાં બારડોલીથી બે કિ.મી. દૂર આવેલા આ સ્થાન ગાઢ જંગલમાં સુષુપ્ત અવસ્થામાં હોવા છતાં આજુબાજુના અનેક રહીશોની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર હતું. આદ્યસ્થાનકના છત્ર સમાન ત્રણ વૃક્ષોના ત્રિવેણી સંગમ સમુ ઘટાદાર વૃક્ષ વર્ષોથી અડીખમ છે. વર્ષોથી પ્રણાલિકાગત નવરાત્રીમાં માતાજીની માટલીઓ મૂકવા ઉપરાંત નાના બાળકોને આવતી આંચકી મટાડવા માટે શ્રી અગાસીમાઁની માનતા અને કૂકડાં રમતા મૂકવા એ લોકોની અડગ શ્રદ્ધાનું પ્રતીક છે.**

**પૂ. દવે બાપુ જેઓ હાલ મંદિરના અધિષ્ઠાતા છે અને જેઓ વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં રહેલ આ સ્થાનને ફક્ત બારડોલી પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને વિદેશમાં પણ પ્રચલિત કરી અસંખ્ય લોકોની શ્રદ્ધાનું પ્રતિક બનાવવામાં નિમિત્ત બન્યાં છે તે આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. પવિત્ર બ્રાભણ કુળમાં સૌરાષ્ટ્રની સંત અને શૂરા માટે જાણીતી ધરતી પર જન્મ લઈ સૌ પ્રથમ ૧૯૬૮ માં કસ્ટમ અધિકારી તરીકે બારડોલીમાં આગમન થયું. નાનપણથી જ મા-બાપના ઉચ્ચ પવિત્ર સંસ્કારોનું સિંચન થયું હોવાથી ખૂબ જ ટૂંકાગાળામાં માઁ ના ભકતોનું એક મંડળ**

પ્રાદુર્ભાવ પામ્યું અને એ રીતે શ્રી આનંદના ગરબાની મહામંત્રનો દક્ષિણ ગુજરાતમાં બારડોલી મુકામે ઉદય થયો. શ્રી આનંદના ગરબાના મહામંત્રના સતત યજનના ફળ સ્વરુપે સને ૧૯૬૯ ની ધન તેરસની રાત્રી અને કાળીચૌદશના પરોઢની એક દિવ્ય ઘડીએ વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં રહેલ શ્રી શકિતનું સ્વપ્ન દ્વારા બાળા સ્વરુપે પ્રાગટય થયું. ત્યારથી આજ પર્યંત પૂ.દવે બાપુના અધિષ્ઠાતા પદે શ્રી અગાસીમાતાના મંદિરની ભૌતિક તેમજ આધ્યાત્મીક ઉન્નતિ અને સ્થાનમાં થયેલા વિવિધ ધાર્મિક તથા સેવાકીય કાર્યોનો સંક્ષિપ્તમાં ઇતિહાસ નીચે મુજબ છે.

## 卐.... સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાનો મહીમા .... ૬

### 卐.... દૈવી પ્રાગટય .... વિ.સં. ૧૭૦૯ , ફાગણ સુદ ત્રીજ , બુધવાર ( ૩૬૦ વર્ષ પૂર્વે ) .... 卐

મેવાડી બ્રાભણ શ્રી વલ્લભ ભટ્ટ નો જન્મ વિ.સંવત ૧૬૯૬માં ગુજરાતના પાટનગરમાં આસો સુદ આઠમના દિવસે થયો હતો (૩૬૦ વર્ષ પૂર્વે ). તેઓ તદ્દન નિરક્ષર હતાં.બહુચરામા(જી.મહેસાણા) ના અનન્ય ઉપાસક હતાં.કાવ્ય કળાનું જ્ઞાન ન હેવા છતાં માતાજીની પ્રેરણાથી સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાના નિમિત્તધારી બન્યાં. શ્રી આનંદના ગરબાો એ માતાજીની સ્વયમ્ સિદ્ધ વાણી છે.એનું પ્રત્યેક પદ સ્વયમ્ એક મહામંત્ર છે.

મંત્ર દ્વારા શ્રી જગદંબાના આનંદ સ્વરુપ, વાગ્મય સ્વરુપનું તેઓએ દર્શન કર્યું. સિદ્ધ ભકતની સિદ્ધ વાણીથી તેઓને દિવ્યચક્ષુ અને જ્ઞાન પ્રાપ્ત થયાં અને જપના પ્રભાવથી પાંચ વર્ષ,પાંચ માસ અને પચ્ચીસ દિવસે એક દૈવી ધ્વની વલ્લભ ભટ્ટ ને સંભળાયો. દ્રષ્ટિ ખોલી જોયું તો સાક્ષાત મા જગદંબા બાળા સ્વરુપે પ્રગટ થયાં હતાં. મા નું આ અતિ જ્યોતિર્મય સ્વરુપ જોતાંજ એમની આંખો અંજાઇ ગઇ અને નીચું જોઇ તેઓ જગદંબાના ચરણૉવિંદ નું ધ્યાન ધરવા લાગ્યાં તે સમયે જગદંબાએ કહ્યું કે “ હે વલ્લભ ધોળા ! તમે બંને આંખો ઉઘાડો. હું તમારા ઉપર પ્રસન્ન થઇ તમને દર્શન દેવા પ્રગટ થઇ છું.” ભટ્ટ વલ્લભે કહ્યું કે હે મા ! આપનું અપાર તેજ ચર્મ ચક્ષુથી સહન કરી શકાતું નથી.અમને એવી દ્રષ્ટિ આપો કે અમે તમારા સ્વરુપનું દર્શન કરી શકીએ.શ્રી જગદંબાએ તેમને દિવ્યચક્ષુ આપ્યાં જેથી તેઓએ જગદંબાનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કર્યો. મા એ વરદાન માંગવા કહ્યું ત્યારે વલ્લભ ભટ્ટે કહ્યું કે હે મા ! તારા દર્શન સિવાય અમારે અન્ય કંઇ ઇચ્છા નથી.તમારા દર્શન માત્રથી સર્વ મનોરથો સિધ્ધ થાય છે.શ્રી જગદંબાએ કહ્યું કે વત્સ ! તમને જ્યારે મારા સ્વરુપની જ ઇચ્છા છે તો આનંદનો ગરબો ગાઓ જેથી હું તમારા હ્રદયમાં બ્રભાનંદ રુપે પ્રગટ થઇશ.

વલ્લભ ભટ્ટે જ્યારે અજ્ઞાનતાને કારણે ગરબો રચવાની અને ગાવાની અશકિત જણાવી ત્યારે મા તેમની વાણીમાં સરસ્વતી રુપે પ્રગટ થયાં અને વલ્લભ ભટ્ટ ના મુખેથી મા ની એ દિવ્યવાણી આનંદના ગરબા રુપે પ્રગટ થઇ. વેદ વાકયની માફક મા ની એ સ્વયમ્ સિદ્ધ વાણી છે. આ રીતે વિ.સં.૧૭૦૯ ના ફાગણ સુદ ત્રીજ ને બુધવારે ૧૧૮ પદનો આનંદનો ગરબો શ્રી વલ્લભ ભટ્ટની માત્ર ૧૩ વર્ષ ની વયે રચાયો.

મા બાળા ત્રિપુરા એટલા ભોળા, દયાળુ અને મૃદુ છે કે તેના ભકતનું જરા દુઃખ જોઇ શકતા નથી જેથી જરાસા આર્તનાદથી મુકિત આપે છે.

શ્રી આનંદનો ગરબો એ મા ની અપૂર્વ પ્રસાદી છે. એ પ્રેમ પ્રસાદી સર્વના હૃદયમાં ભકિતભાવની નિર્મળ જ્યોત પ્રગટાવે એજ જગદંબાને પ્રાર્થના.

- પૂ.શ્રી દવેબાપુ, અધિષ્ઠાતા,શ્રી અગાસીમાતાનું સ્વપ્ન મંદિર,બારડોલી.

卐 ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ 卐

- ❖ સને ૧૯૬૮ માં પૂ. દવે બાપુનું બારડોલીમાં સરકારી કસ્ટમ અધિકારી તરીકે આગમન, દર રવિવારે ૧૦૮ શ્રી આનંદના ગરબાના મહામંત્રના યજનનો પ્રારંભ તથા સતત યજનના ફળ સ્વરુપે શ્રી અગાસીમાતાના પ્રાગટયનો સ્વપ્ન દ્વારા આદેશ.
- ❖ શ્રી અગાસીમાતા માઈમંડળ(રજીસ્ટર્ડ ટ્રસ્ટ) નો આ દિવ્ય સ્વપ્ન મંદિર બનાવવાનો શિવ સંકલ્પ અને ઘરે ઘરે, ગામે ગામે માઁઇ ભકતોના ઘરે ગરબા દ્વારા યથા શકિત ફાળો એકત્ર કરી ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય **સને ૧૯૭૫ માં યોગીની દેવી અદ્રિમાઁ ના વરદ્ હસ્તે શ્રી અગાસીમાઁની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા.**
- ❖ ૧૯૬૮ થી અવિરત પણે દર વર્ષે આસો નવરાત્રીમાં ૧૦૦૮ શ્રી આનંદના ગરબાનું યજન તથા નવચંડી યજ્ઞનું આયોજન.
- ❖ સને ૧૯૭૯ માં પૂ. બાપુએ સરકારી નોકરીમાંથી નિવૃતિ થઇ વતન છોડી, આજીવન માઁની માનદ્ સેવામાં રહેવાનો શિવ સંકલ્પ કર્યો.
- ❖ ૧૯૮૧ માં નવા વર્ષે માઁ ને છપ્પન ભોગનો અન્નકૂટ થયો અને તેજ દિવસથી 'ભુખ્યા ને ભાથું' (બુંદી-ગાંઠીયા) તથા સાધુ-સંતો-વટે માર્ગઓ માટે સદાવ્રતનો પ્રારંભ થયો.
- ❖ ૧૯૮૧ થી ૨૦૦૬ દઝમ્યાન શ્રી અગાસીમાતાના સ્થાનકેથી પૂ. બાપુની રાહબરી હેઠળ ગુજરાત તથા મહારાષ્ટ્રનું જુદાં-જુદાં યાત્રાધામોની **કુલ અઢાર પદયાત્રાઓનું સફળ આયોજન.** પ્દયાત્રાઓનો નિઃસ્વાર્થ હેતુ જગ સમસ્તિના કલ્યાણ તથા શ્રી અગાસીમાઁના સતત યજન અને ચમત્કારોના પ્રચારનો બારડોલીથી અંબાજી, બહુચરાજી ( ૪ વખત ) , પાવાગઢ ( ૨ વખત ) , સપ્તશૃંગીમાતા (મહારાષ્ટ્ ૪ વખત ), તુળજા ભવાની (મહારાષ્ટ), દ્વારકાધીશ, શ્રીનાથજી (રાજસ્થાન), વીરપુર (સૌરાષ્ટ્), નારેશ્વર વિ. ઐતિહાસિક અલૌકીક સ્થાનોની પદયાત્રાઓ તથા મહાવિષ્ણુયાગ, સહસ્ત્રચંડી યજ્ઞ વિ. નું આયોજન.
- ❖ ૧૯૮૬ માં ઉત્તર ભારતના મહાન સંત વિભૂતિ યોગીરાજ બ્રહ્મર્ષી ૧૦૦૮ પૂ. શ્રી દેવરાહ બાબા ના અલભ્ય દર્શને પૂ. બાપુ તથા મંડળનો પ્રવાસ પૂ. દવે બાપુને તે સંત દ્વારા તેઓની પાદુકાની અમૂલ્ય ભેટ.

- ❖ ૧૯૮૬ માં ગુજરાતના ઇતિહાસમાં સર્વ પ્રથમ **શ્રી આનંદના ગરબાનો નવાર્ણ મંત્રના સંપુટ સાથે ૧૦૮ કુંડી લક્ષચંડી યજ્ઞ**. ૫૦૦ ઉપરાંત યજમાનો અને ૧૦૦ પ્રકાંડ )દેવોની સહાયતાથી પાંચ દિવસનો મહાયજ્ઞ સંપન્ન. પૂર્ણાહુતિના દિવસથી **કાયમી ધોરણે ગરીબ-અપંગ લોકોની સેવાર્થે 'ભિક્ષુક ભોજન' નો પ્રારંભ તથા શ્રી સરદાર સ્મારક હોસ્પિટલમાં દર્દીઓને દર પૂનમે દૂધ તથા કેળાં વિતરણનો પ્રારંભ.**
- ❖ ૧૯૮૭ માં એક કરોડ નવાૅણ મંત્ર (ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચે) ના જપ યજ્ઞના આયોજન સાથે સ્વસ્થ સમાજ અને ગરીબોની સેવા અર્થે **મફત તબીબી સારવાર કેન્દ્ર** નાં નિર્માણના હિમાલય નિવાસી પૂ. અભિરામ બાબાના વરદ્ હસ્તે પ્રારંભ તથા ગુજરાતભરનાં મહાન સંતોનો શ્રી અગાસીમાતાના સ્થાને સંત મેળો.
- ❖ ૧૯૮૯ માં એક કરોડ રામનામ જપ યજ્ઞ, પ્રભાત ફેરી તથા અન્નક્ષેત્ર અને મફત તબીબી સારવાર કેન્દ્રના લાભ ાર્થે ૧૦૮ શ્રીમદ્ દેવી ભાગવત પારાયણનું આયોજન. મુખ્યવકતા નડીયાદ નિવાસી પૂ. શ્રી કેશવભવાની મહારાજ.
- ❖ ૧૯૭૯ થી ૧૯૭૯ દરમ્યાન મંદિરના કોમ્પલેક્ષમાં યજ્ઞ મંડપ, પૂ. બાપુનું નિવાસ સ્થાન, ભિક્ષુક ભ ોજનાલય, સ્ટાફ તથા વટેમાર્ગુને રહેવા ખ્મો, સંતો માટે સંતકુટીર, મંદિરના આશરે દોઢ એકર વિસ્તારને સુરક્ષિત કરતી પાકી કમ્પાઉન્ડની દિવાલનું નિર્માણ.
- ❖ ૧૯૯૦ થી ૧૯૯૩ દરમ્યાન અનેક વિધ ધાર્મિક તથા આધ્યાત્મીક શિબીરોના આયોજન માટે ઉપયોગી સુંદર **સત્સંગ હોલ** તથા પાંચ રુમોનું પ્રાથમિક સુવિધા સાથેનું નિર્માણ કાર્ય. શ્રાવણ માસમાં સવા કરોડ ૐ નમઃ શિવાય મંત્ર લેખનના કાર્યનો મંડળ દ્વારા પ્રારંભ અને પૂર્ણાહુતી ઉત્તરાખંડની યાત્રા દરમ્યાન પૂ. શ્રી અભિરામ બાબાના વરદ્ હસ્તે પૂસ્તિકાઓનું ગંગામૈયાની ગોદમાં ભવ્ય વિસર્જન.
- ❖ ૧૯૯૪ માં ગાયત્રી માતાના નીજ મંદિરમાં શાંતિકુજ-હરદ્વાર નિવાસી જગદંબા સ્વખ્પ ભગવતી દેવી શર્માના શુભ આશીર્વાદ સાથે ચાર વેદોની પ્રતિષ્ઠા. ગુખ્ પૂર્ણિમા તા. ૨૨-૭-૯૪ ના દિવસથી દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ તથા બારડોલી નગરની શાળાઓના આર્થિક રીતે પછાત અને ગરીબ વિદ્યાર્થીઓને યુનિફોર્મ, બુકસ, ફી સ્વખ્પે આર્થિક સહાયનો પ્રારંભ.
- ❖ ૧૯૯૪ માં સમાજમાં સંસ્કારના સિંચન માટે જખ્રી ધાર્મિક વાંચન માટે મીની લાયબ્રેરીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ ધાર્મિક પુસ્તકો, અઠવાડિક, માસિક મેગેઝીનોનું વાંચન થાય છે.
- ❖ ૧૯૯૫-૯૬ દરમ્યાન બાળકોના આનંદ - પ્રમોદ માટે રમત - ગમતના સાધનોથી સજ્જ સુંદર બાળવાટીકાનું નિર્માણ થયું. આજ વર્ષમાં શ્રી આનંદના ગરબાના પ્રાગટય સ્થાન મુ. બહુચરાજી જી.મહેસાણાના સ્થાને શ્રી અગાસીમાતા માઇમંડળ આયોજીત "સવાલક્ષ" શ્રી આનંદના ગરબાના પઠનનો મહાયજ્ઞ જેમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલ અસંખ્ય માંઇ ભકતોએ લાભ લીધો. (બહુચરાજી મંદિરના ઇતિહાસમાં સૌ પ્રથમ)
- ❖ ૧૯૯૭ દરમ્યાન આશરે ૫૦૦ ભાવિકો એક સાથે ભોજન લઇ શકે તેવા ભવ્ય **અન્નપૂર્ણા હોલ**નું તમામ સુવિધાઓ સાથેનું નિર્માણ કાર્ય થયું.

- ૧૯૯૭ -૯૮ દરમ્યાન સંસ્થાના પ્રેરણામૂર્તિ અધિષ્ઠાતા પુ. દવેબાપુ નો અમેરિકા - કેનેડા અને યુ.કે. નો આશરે પાંચ મહિના અને ૬૦,૦૦૦ કિ.મી. નો વિદેશ પ્રવાસ થયો. વિદેશના અનેક માઁઇ ભકતોએ પૂ. બાપુને ભેટ અપાયેલ સંત શિરોમણી ૧૦૦૮ પ.પૂ. શ્રી દેવરાહબાબા (યુ.પી.) ની પરમ પવિત્ર પાદુકાની પધરામણી સાથે શ્રી અગાસીમાઁ ના પ્રતિકપ્પ ફોટાની સ્થાપના તથા શ્રી આનંદના ગરબાના દૈનિક પઠનનો શુભઆરંભ થયો. વિદેશના ભાવિક ભકતોના પૂર્ણ સહકારથી નવનિર્મિત "શ્રી અન્નપૂર્ણા હોલ" માટે સુંદર દાનનો પ્રવાહ વહ્યો.
- ૧૯૯૮ દરમ્યાન નવનિર્મિત **"અન્નપૂર્ણા હોલ"** નું શુભ ઉદ્દ્ઘાટન સતાધાર (સૌરાષ્ટ્ર) ના ગાદિપતિ પ.પૂ. શ્રી જગદીશ બાપુના વરદ્ હસ્તે સંતો મહંતોની ઉપસ્થિતિમાં શ્રી અગાસીમાઁના ૨૩ મા પટોત્સ્વ (સાલગીરી) ના શુભ દિવસે નવચંડી યજ્ઞના પરમ પવિત્ર કાર્યથી સંપન્ન થયું.
- ૧૯૯૮ ના શ્રાવણમાસ દરમ્યાન સવાલક્ષ પાર્થેશ્વર પૂજા (માટીના શિવલિંગ) તથા મંડળ દ્વારા સવા કરોડ પંચાક્ષર મંત્ર (ૐ નમઃ શિવાય) ના મંત્રલેખન નો મહાયજ્ઞ સંપન્ન થયો. મંત્રલેખન પુસ્તિકાઓનું નાસિક (મહારાષ્ટ્ર) ગોદાવરી માતાની પવિત્ર ગોદમાં વિધિવત્ વિસર્જન થયું. સાથે જ શ્રી ભીમાશંકર અને શ્રી ત્ર્યંબકેશ્વરદાદાના જ્યોતિલિંગની યાત્રાનો લાભ મળયો.
- ૧૯૮૯ ની સાલથી અવિરત પણે શ્રી અગાસીમાતાના કોમ્પલેક્ષમાં ચાલતા "મફત તબીબી સારવાર કેન્દ્ર" ના વિકાસમાં યશકલગી સમાન અને દૂર ગામડાઓમાં રહેતા ગરીબ - આદિવાસી સમાજની સ્વાસ્થ્ય સુરક્ષા કાજે ટ્રસ્ટ દ્વારા **"મોબાઇલ ડીસ્પેન્સરી"** (ફરતા દવાખાના) નો શુભ પ્રારંભ આસો નવરાત્રીની આઠમના પરમ પવિત્ર દિવસ તા. ૨૯-૯-૯૮ ના રોજ થી કરવામાં આવ્યો. આજ સુધીમાં અનેક ગરીબ અને અશકત દર્દીઓને ઘરબેઠા બિલકુલ નિઃશુલ્ક એવી ઉમદા સેવાનો લાભ લઇ રહ્યા છે. જેનો યશ મૂળ બારડોલીના હાલ અમેરિકા એવા બારડોલી સાયન્સ કોલેજના નિવૃત પ્રિન્સીપાલ તથા આપણી સંસ્થાના હાલના ટ્રસ્ટી શ્રી બાલુભાઇ એન. પટેલ તથા તેમના સુપુત્રો શ્રી જ્યેશભાઇ તથા શ્રી કમલેશભાઇને ફાળે જાય છે. જેઓના સૌજન્યથી આ પ્રવૃત્તિનો શુભ આરંભ થયો.
- ૧૯૯૮ ના લાભપાંચમ તા.૨૫-૧૦-૯૮ ના શુભ દિવસથી પૂ. દવેબાપુના જીવનની છેલ્લી અને સમસ્ત મંડળની અગિયારમી આશરે ૪૦૦ કિ.મી. ની "પદયાત્રા" નું શ્રી અગાસીમાઁની અસીમકૃપા અને પ્રેરણાથી શ્રી અગાસીમાતા મંદિરેથી શ્રી આનંદના ગરબાના પ્રાગાટયસ્થાન એવા બાળા ત્રિપુરસુંદરી શ્રી બહુચરાજી (જી. મહેસાણા) માતાના આદ્યસ્થાનકે પદયાત્રાનું સફળ આયોજન થયું.
- પદયાત્રા દઝમ્યાન જ શ્રી અગાસીમાઁની પ્રેરણાથી સને ૨૦૦૦ ની સાલમાં શ્રી અગાસીમાતાના સ્થાનકે થનાર **શ્રી આનંદના ગરબાના ૧૦૮ કુંડી હોમાત્મક "લક્ષચંડીયજ્ઞ"** નો પૂ. દવે બાપુ દ્વારા શ્રી બહુચરાજીમાતાાના સાનિધ્યમાં શિવ સંકલ્પ થયો જેને ઉપસ્થિત તમામ માઁઇભકતો અને મહાનુભાવોએ સહર્ષ વધાવી લીધો. આજ વર્ષમાં શ્રી અગાસીમાતા મંદિરની રજત જ્યંતિ (સીલ્વર જ્યુબીલી) ની ઉજવણીનો પણ કાર્યક્રમ છે. જેમાં મુખ્યત્વે મંદિરના શિખર ઉપર "સુવર્ણ કળશઆરોહણ" નો કાર્યક્રમ પણ છે.

❖ ઉપરોકત ભગીરથ કાર્યક્રમોની પરિપૂર્ણતા માટે માંની પ્રેરણાથી અને વિદેશમાં વસતા માઇભકતોના આગ્રહથી એપ્રિલ ૧૯૯૯ થી ઓકટોબર ૧૯૯૯ ના પાંચ માસ દરમ્યાન પૂ. શ્રી દવે બાપુ તથા પૂ. શારદા બાનો અમેરિકા તથા યુ.કે. નો વિદેશ પ્રવાસ થયો જેમાં ભકતોએ પૂ. બાપુની ટહેલને સંતોષકારક રીતે અને હર્ષોલ્લાસથી વધાવી ભારે હૈયે પૂ. બાપુ તથા પૂ. બાને વિદાય આપતા ગૌરવ અનુભવ્યું અને શ્રી અગાસીમાતા મંદિરના રજતજયંતિ મહોત્સવ અંતર્ગત આયોજીત કાર્યક્રમોની ભવ્ય સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી. ધન્યવાદ. આ છે સિદ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાના અવિરત યજનની સિદ્ધિ જેમાં શ્રી અગાસીમાં ના આશીર્વાદના અમૃત વર્ષાની સૌને અનુભુતિ થઇ.

❖ મંદિરની પશ્ચિમે આવેલી દોઢ લાખ ચો. ફૂટ ભૂમિ જેના માલિકો સર્વે શ્રી રામભાઇ ભવાનભાઇ (આફવા), રણછોડભાઇ પટેલ (હલધખ) તથા ઇશ્વરભાઇ પટેલ (ભાણેકપોર) ના સહકારથી તે ભૂમિ પર શ્રી લક્ષચંડી મહાયજ્ઞ કરવાનું આયોજન થયું. જેનું **ભૂમિપૂજન** માઇ પીઠાધીશ્વર ૧૦૦૮ પ.પૂ. શ્રી કેશવભવાની મહારાજશ્રી (નડીયાદ) ના વરદ્ હસ્તે અને પૂ. શ્રી લક્ષ્મીચંદ બાપુ (અલખધામ-ગંગાધરા) ના આશીર્વચનથી અધિષ્ઠાતા પૂ. દવે બાપુ દ્વારા માગસર સુદ ૨ ને શુક્રવાર તા. ૧૦-૧૨-૯૯ ના રોજ માઇભકતોની હાજરીમાં ખૂબ જ શાનદાર રીતે થયું.

❖ ૧૦૧ કુંડી શ્રી લક્ષચંડી મહાયજ્ઞના કાર્યક્રમ પૂર્વે સવાલાખ શ્રી આનંદના ગરબાનાં પાઠાત્મક યજ્ઞ ના અનુષ્ઠાનનું આયોજન થયું. (તા. ૩૦-૧૨-૯૯ થી ૨-૧-૨૦૦૦ - નવી સદીના મંગળમય પ્રારંભે) જેમાં શ્રી વલ્લભ માનવ ઉદ્ધારક મંડળ, અમદાવાદના સક્રીય સહયોગથી આશરે ૧૨૦૦ માણસોએ ચાર દિવસના અનુષ્ઠાનમાં સંયમ-નિયમ અને શિસ્તબદ્ધ રીતે લાભ લીધો. તા. ૩૧ મી ડિસેમ્બરે રાત્રે નસીબવંતા માઇભ કતોના સાનિધ્યમાં શ્રી આનંદના ગરબાના પઠન સાથે ફટાકડા - આતશબાજી તથા ગરબા ગાઇ નવી સદીનું સ્વાગત કર્યું ત્યારે એકે એક માઇભકત ભાવવિભોર થઇ માઢની ગોદમાં ખૂબ રમી માંના આશીર્વાદ લીધાં.

❖ સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાનો ૧૦૧ કુંડી "શ્રી લક્ષચંડી મહાયજ્ઞ" નો પ્રારંભ તા. ૧૫-૨-૨૦૦૦ ના પરમ પવિત્ર દિવસે સંતો - મહંતોની શોભાયાત્રા, ૧૦૮ કુંવારીકા બાળાઓ સાથેની જળયાત્રા, અને બારડોલી પંથકના વિવિધ ધાર્મિક સંપ્રદાયોના શુભ સમન્વયથી વાજતે-ગાજતે દબદબા પૂર્વક યજ્ઞનો પ્રારંભ થયો. આશરે ૧૫૦ ભૂદેવો અને ૧૫૦૦ યજમાનોની ઉપસ્થિતીમાં બારડોલીના ઇતિહાસમાં વિરલ કહી શકાય તેવી શોભ ાયાત્રા શ્રી જલારામ પ્રાર્થના સમાજ, બારડોલી શ્રી અગાસીમાતાના મંદિર સુધીની આશરે ૪ કિ.મી. ના અંતરની શોભાયાત્રા (પગપાળા) સાંજે સંપન્ન થઇ.

શ્રી લક્ષચંડી મહાયજ્ઞના કર્મકાંડનું સુકાન કેન્દ્રસરકાર અને રાજ્ય સરકાર પુરસ્કૃત પ.પૂ. શ્રી નીલકંઠભાઇ શુકલ (સુરત) ના આચાર્ય પદે હતું. જેઓ યોગાનુયોગ મંડળ દ્વારા ૧૯૮૬ માં થયેલ "શ્રી લક્ષચંડી મહાયજ્ઞ" માં પણ આચાર્ય પદે હતાં. યજ્ઞમાં સામેલ ભૂદેવો - યજમાનો તથા આમંત્રિત મહાનુભાવો અને ઉપસ્થિત દર્શનાર્થી માંઇભકતો માટે મહાયજ્ઞના પાંચેય દિવસ ભંડારાનું સુંદર આયોજન વડોદરાના શ્રી

ઉપેન્દ્રભાઇ દેસાઇ (રોયલ કેટરર્સ) તથા "શ્રી કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ,બારડોલી" ની અમૂલ્ય સેવા સાથ સહકાર દ્ધારા આયોજન કરવામાં આવેલ તેજ દિવસે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં બારડોલી નગરના વિવિધ ગરબા મંડળોના માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવેલ.

❖ તા.૧૬-૨-૨૦૦૦ ના મહાયજ્ઞના બીજા દિવસે પૂજા વિધી દરમ્યાન ૧૦૮ કુંવારીકા અને બટૂકના પરમ પવિત્ર પૂજનનો કાર્યક્રમ ગામ - વરાડના માંઇભકત શ્રી રમણભાઇ રણછોડભાઇ પટેલ તથા અ. સૌ. શીલાબેનના સૌજન્યથી સંપન્ન થયો. આ દિવસે જ સંસ્થા દ્ધારા ગરીબ-ભિક્ષુકોને ભોજન -વસ્ત્રદાન તથા પાત્રદાન કરવામાં આવ્યું અને "શ્રી જલારામ પ્રાથના સમાજ,બારડોલી" માં પણ તેજ સમયે ભિક્ષુકોને ભોજન -વસ્ત્રદાન તથા પાત્રદાન માંડવીના શ્રી પ્રવિણભાઇ તમાકુવાળાના સુપુત્રશ્રી સુનીલભાઇના (યુ. એસ. એ.) સૌજન્યથી કરવામાં આવ્યું. દિવસ દરમ્યાન ઉપસ્થિત સંતો-મહંતોના આશીર્વચન પણ મળયાં.

❖ રાત્રીના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમમાં કચ્છના પ્રખ્યાત 'શ્રી પતિયા પાટીદાર સમાજ' ના લોક કલાકારો દ્ધારા 'શ્રી રામદેવ પીરના આખ્યાન' નો અદ્‌ભૂત કાર્યક્રમ રજૂ થયો.

❖ તા. ૨૭-૨-૨૦૦૦ ના મહાયજ્ઞના ત્રીજા દિવસે શ્રી અગાસીમાતાના મુખ્ય મંદિર તથા આધસ્થાનક મંદિરના શિખર પર "સુવર્ણ કળશ" આરોહણ કાર્યક્રમ અંતર્ગત કળશો તથા મૂર્તિઓની સ્તપન વિધી, શ્રી અગાસીમાતાના પવિત્ર ચરણોમાં સુવર્ણ મુગટ, ધરવામાં આવ્યો. સુર્વણ કળશ અને સુર્વણ અને મુગટની સેવાનો યશ સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાલુભાઇ એન. પટેલ (રીટા,પ્રિન્સી) તથા તેમના સુપુત્રો અમેરીકા નિવાસી શ્રી જયેશભાઇ તથા કમલેશભાઇના ફાળે જાય છે. તે સાથે જ પ્રકાંડ ભૂદેવો દ્ધારા વૈદિક મંત્રોચ્ચાર દ્ધારા "અગ્નિદેવ" નું પ્રાગટય કરવામાં આવ્યું તે સાથે જ આહુતીનો કાર્યક્રમ ચાલુ થયો ને ભાગ લેનાર યજમાનો અને ભ ૂદેવોને શ્રી લક્ષચંડી મહાયજ્ઞની સ્મૃતિખ્પે ભેટનું વિતરણ કરવામાં આવ્યું.

રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં બારડોલી નગર તથા તાલુકાના વિવિધ મહિલા મંડળોના માતાજીના ગરબાનો "સ્પધાૅત્મક" કાર્યક્રમ રજૂ થયો જેમાં સફળ થનાર મંડળોને ઇનામો આપવામાં આવ્યાં. આજ કાર્યક્રમ દરમ્યાન જ શ્રી અગાસીમાતાની અસીમ કૃપા અને પ્રેરણાથી સંસ્થા માટે જમીન ખરીદવા અંગે સંસ્થાના અધિષ્ઠાતા પૂ. શ્રી દવેબાપુ તથા પ્રમુખશ્રી હીરાભાઇ ડી. પ્ટેલ દ્ધારા વિચાર ઉદ્‌ભવ્યો જેને કાર્યક્રમના મુખ્ય મહેમાન અને દાતા શ્રી છોટુભાઇ નારણજીભાઇ પટેલ (ગામ-કુચેદ ગ્રીન્સબોરો - અમેરિકા) તરફથી યોગ્ય પ્રતિભાવ સાંપડયો અને જય જય કાર થયો.

❖ તા. ૧૮-૨-૨૦૦૦ ના મહાયજ્ઞના ચોથા દિવસે વાજતે - ગાજતે વિશાળ જન મેદનીની હાજરીમાં ભૂદેવો દ્ધારા વેદોકત મંત્રથી શ્રી અગાસીમાતાના મુખ્ય મંદિર અને આધસ્થાનક મંદિરના શિખર ઉપર તથા ઘુમ્મટ ઉપર "સુર્વણ કળશ" નું આરોહણ કરવામાં આવ્યું. આજ દિવસે સવા લાખ શ્રી આનંદના ગરબાના પઠન (અનુષ્ઠાન) અંતર્ગત "શ્રી આનંદના ગરબા" ના મહામંત્રની દશાંશ આહુતિ (નવાર્ણ મંત્રના સંપુટ સાથે) નો

પ્રારંભ થયો. આજ સમયે સંસ્થા દ્વારા જે જમીન ઉપર શ્રી લક્ષચંડી મહાયજ્ઞનો કાર્યક્રમ થઇ રહ્યો છે તે વિશાળ જમીનમાંથી આશરે ત્રણ વીઘા જમીન શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટના સેવાકીય પ્રોજેક્ટ અને ૧૦૦૮ પ.પૂ. શ્રી દેવરાહબાબા (યુ.પી.) ની પ્રેરણાથી સંસ્થા દ્વારા ૧૯૮૯ ની સાલથી ચાલી રહેલ "મફત તબીબી સારવાર કેન્દ્ર" ના વિકાસ માટે જમીન ખરીદવા અંગે 'ભૂમિદાન ' માટે પૂ. દવેબાપુએ ટહેલ નાંખી અને જોત જોતામાં ઉપસ્થિતિ માંઇભકતો અને સામેલ યજમાન મહાનુભાવો દ્વારા ઝોળી ભરાઇ ગઇ તે શ્રી અગાસીમાતાની અસીમ કૃપા દાનની શુભ શરુઆત શ્રી છોટુભાઇ નારણજીભાઇ પટેલ (ગામ કુચેદ હાલ અમેરિકા) તથા તેમના અમેરિકામાં સ્થાયી થયેલ દીકરીઓ અને અન્ય પરિવાનજનો દ્વારા **બે વીંઘા** જમીન સંસ્થાને દાનમાં મળી. હાર્દિક આભાર. અન્ય ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પણ અમૂલ્ય "ભૂમિદાન" સંસ્થાને પ્રાપ્ત થયું.

❖ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જાણીતા કલાકારોના "લોક - ડાયરા" ના કાર્યક્રમનો વિશાળ જન સમુદાયે લાભ લીધો.

❖ તા. ૧૯-૨-૨૦૦૦ ના રોજ શ્રી લક્ષચંડી મહાયજ્ઞની સવારે ૧૧-૩૦ કલાકે શાનદાર રીતે પૂર્ણાહૂતિ થઇ અને આશરે દસ હજાર ભાવિક ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો. આમ બારડોલી પ્રદેશના ઇતિહાસમાં એક ઐતિહાસીક અને ગૌરવવંતા ધાર્મિક કાર્યક્રમ ઉજવાયો.

આમ શ્રી અગાસીમાતા મંદિરના રજતજયંતિ મહોત્સવની અનેક વિધ કાર્યક્રમો દ્વારા શાનદાર રીતે ઉજવણી થઇ અને સમગ્ર કાર્યક્રમમાં માતાજીનું સ્વયં સંચાલન હતું તે સૌ ભાવિક ભકતોને અનુભુતિ થઇ. સ્મગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નિમિત્ત બનેલ દેશ-વિદેશના દાન આપનાર મહાનુભાવો અને તન - મન - ધનથી સેવા આપનાર સૌ મહાનુભાવોનો સંસ્થા દ્વારા હાર્દિક આભાર માનવામાં આવે છે.

❖ સને ૨૦૦૦ ના શ્રાવણ માસ દરમ્યાન સવા લક્ષ શ્રી પ્રાર્થેશ્વર પૂજન અને સવા કરોડ ૐ નમ : શિવાય મંત્ર લેખનનો કાર્યક્રમ મંડળ દ્વારા સંપન્ન થયો. શ્રાવણ માસના અંતે મંડળ દ્વારા દક્ષિણ ભારતના રાજાધિરાજ જ્યોતિર્લિંગ "શ્રી રામેશ્વર મહાદેવ" ની પરમ પવિત્ર યાત્રાનું આયોજન થયું અને શ્રી રામેશ્વર દાદાના સાનિધ્યમાં સમુદ્રમાં વેદોચ્ચાર સાથે મંત્રલેખન પુસ્તિકાઓનું વિસર્જન થયું. તે સાથે જ આશરે ૭૨ માંઇ ભ કતોની ૧૭ દિવસની દક્ષિણ ભારતની યાત્રાનો પ્રારંભ થયો.

❖ તા. ૧૪-૬-૭-૮ એપ્રિલ ૨૦૦૧ દરમ્યાન સવાલક્ષ શ્રી આનંદના ગરબાના પાઠાત્મક યજ્ઞની સ્મૃતિ રુપે મંડળ દ્વારા ત્રણ દિવસનો શ્રી આનંદના ગરબાના અનુષ્ઠાનનો કાર્યક્રમ સંપન્ન થયો.

❖ શ્રી અગાસીમાતાની અસીમકૃપા અને રાજાધિરાજ શ્રી કેદારેશ્વરદાદાની પ્રેરણાથી શ્રી અગાસીમાતા મુખ્ય મંદિર બાજુમાં "શ્રી જગદીશ્વવર મહાદેવ મંદિર" નો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૪ અને ૧૫ મી એપ્રિલના રોજ

સંપન્ન થયો. આ નવનિર્મિત્ત હાલ યુ.કે. સંગેમરમરના શિવાલયના નિમિત્ત ધારી ગામ વરાડ હાલ યુ.કે. ના શ્રી રમણભાઇ રણછોડભાઇ પટેલ તથા અ.સૌ. શીલાબેન બન્યા ધન્યવાદ.

- હાલ શ્રી અગાસીમાતાના મુખ્ય મંદિરમાં આરસ જડવાનું ચાલી રહ્યુ છે અને તા. ૧૬ જુન થી શ્રી અગાસીમાતા મંદિર સંકુલના પ્રેરણામુર્તિ અને આદ્યસ્થાપક અધિષ્ઠાતા પૂ. શ્રી દવેબાપુ અને પૂ. શારદાબાનો લંડન અને અમેરિકાનો વિદેશ પ્રવાસનો પ્રારંભ થનાર છે. વિદેશ પ્રવાસનો મુખ્ય હેતુ વિશ્વકલ્યાણ અને વિદેશમાં વસતા શ્રી અગાસીમાતા પરિવારના માંઇભકતોનું સંગઠન ઉભુ કરવાના તથા ૧૯૮૯ થી કાર્યરત મફત તબીબી સારવાર કેન્દ્રના વિકાસ માટે જરૂરી ભંડોળ ઉભુ કરવાનો છે. ચમત્કારી સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાના પ્રચાર દ્વારા આધી-વ્યાધી-ઉપાધીથી ત્રસ્ત માંઇભકતો પરમ સુખ શાંતિ અને સમૃદ્ધિની અનુભૂતિ કરે તેવી નિઃસ્વાર્થ ભાવના રહેલી છે.
- શ્રી અગાસીમાતા મંદિર સંકુલના પ્રેરણામૂર્તિ આદ્યસ્થાપક અધિષ્ઠાતા પૂ. શ્રી દવેબાપુ તથા પૂ. શ્રી શારદાબાના યુ.કે. તથા અમેરિકા ના ત્રીજા વિદેશપ્રવાસ દરમ્યાન દરિદ્રનારાયણની સેવા અર્થે શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત “સુચિત આરોગ્યકેન્દ્ર” ના નિમાર્ણ માટે અઢળક દાન નો પ્રવાહ વહયો જેમાં મુખ્યત્વે ભૂમિદાન ના નિમિત્તધારી શ્રી છોટુભાઇ નારણજીભાઇ પટેલ (ગામ કુચેદ હાલ ગ્રીન્સબોરો, એન.સી.,અમેરિકા) તરફથી તેમના સ્વર્ગસ્થ ધર્મપત્ની સ્વ. ગુલાબબેન ની ચિરકાલીન પુણ્યસ્મૃતિમાં આરોગ્યકેન્દ્રનું નામાભિધાન કરવાનું વચનદાન મળ્યું. **ધન્યવાદ – હાર્દિક આભાર.**
- વિદેશ પ્રવાસ દરમ્યાન આપણા સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવ શ્રી બાલુભાઇ એન. પટેલ (રીટા, પ્રિન્સીપાલશ્રી, સાયન્સ કેલેજ,બારડોલી) ના યુવાન સેવાભાવી સુપુત્રો સર્વ શ્રી કમલેશભાઇ તથા જયેશભાઇ તરફથી સૂચિત આરોગ્ય કેન્દ્ર માટે રૂા ૨૫,૦૦,૦૦૦/- નું માતબર દાન મળ્યું. **ધન્યવાદ – હાર્દિક આભાર.** તેઓની હ્રદય પૂર્વકની એ ભાવના છે કે આ આરોગ્ય કેન્દ્ર સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દરિદ્રનારાયણની સેવાનું તીર્થ સ્થળ બને અને મા તેઓની ભાવના નજીકના ભવિષ્યમાં જરૂરથી પરિપૂર્ણ કરશે તેવી અમોને શ્રધ્ધા છે.
- વિદેશ પ્રવાસ દરમ્યાન આપણા શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી હીરાભાઇ ડાહ્યાભાઇ પટેલના યુવાન અને સેવાભાવી સુપુત્રો સર્વ શ્રી હર્ષદભાઇ તથા દિપકભાઇ (ગામ સિયોદ હાલ નોર્થકેરોલીના, અમેરિકા) તરફથી તેઓના જગદંબા સ્વરૂપ સ્વર્ગસ્થ માતૃશ્રી સ્વ. જયાબેન ની ચિરકાલીન પુણ્યસ્મૃતિમાં “સુચિત અતિથિગૃહ” માટે રૂ. ૧૧,૦૦,૦૦૦/- ના માતબર દાનનું વચનદાન મળ્યું. **ધન્યવાદ – હાર્દિક આભાર.**
- વિદેશ પ્રવાસ દરમ્યાન માઇ ભકત શ્રી બાલુભાઇ જેઠાભાઇ પટેલ તથા અ.સૌ.ગજરીબેન બાલુભાઇ પટેલ (ગામ મોતા હાલ વોશીંગ્ટન ડી.સી.,અમેરીકા) ના પરિવાર તરફથી “સુચિત આરોગ્ય કેન્દ્ર” ના રેડીયોલોજી એક્ષ-રે તથા પેથોલોજી (લેબોરેટરી)વિભાગના સાધનો માટે રૂ. ૧૨,૫૦,૦૦૦/- ના માતબર દાનનું વચનદાન મળ્યું. **ધન્યવાદ. હાર્દિક આભાર.** તે ઉપરાંત ગામ-ખારા બુટવાડા હાલ કેલીફોર્નીયા, અમેરિકાના માઇભકત દંપતિ શ્રી અરવિંદભાઇ પટેલ તથા અ.સૌ. ગીતાબેન અરવિંદભાઇ પટેલ તરફથી તેઓના સ્વર્ગસ્થ માતા તથા પિતાના

સ્મરણાર્થે 'સુચિત આરોગ્ય કેન્દ્ર' માટે એક મોટી એમ્બ્યુલન્સ વાન (ી.રૂ. એમ્બ્યુલન્સ વાન ) ના દાનનું વચનદાન મળ્યું. **ધન્યવાદ. હાર્દિક આભાર.**

❖ વિદેશયાત્રા દરમ્યાન જ ગામ-માંડવી ના માઇભકત શ્રી પ્રવિણભાઇ તમાકુવાળા તથા ગામ-બારડોલીના શ્રી નરેશભાઇ તમાકુવાળાના અમેરિકા સ્થિત સુપુત્રો સર્વ શ્રી સુનિલભાઇ વિ. તરફથી જનરલ વોર્ડ માટે ખ. ૩,૦૦,૦૦૦/- નું વચનદાન મળ્યું. તથા અન્ય સેવાભાવી માઇભકતો તરફથી એક ખ્મના બાંધકામ નિમિત્તે ખ. ૧,૧૧,૧૧૧/- લેખે ઘણા દાનોની જાહેરાત થઇ. **સર્વે માઇભકતો નો હાર્દિક આભાર.**

❖ સને ૨૦૦૧ ના ડીસેમ્બર માસ માં દક્ષિણ ગુજરાતના સંત શિરોમણી બ્રહ્મલીન પ.પૂ. શ્રી રંગઅવધૂતજી મહારાજની કર્મભૂમિ એવા નારેશ્વર ધામે શ્રી અગાસીમાતાના મંદિરેથી પદયાત્રાનું આયોજન થયું. લગભગ ૧૦૦ માઇભકતોએ લાભ લીધો. પદયાત્રાની સફળતાપૂર્વક ની પૂર્ણાહૂતિ ખ્પે શ્રી નારેશ્વરધામે પ્રકાંડ ભૂદેવો દ્વારા શ્રી દત્તયાગનું આયોજન થયું.

❖ ડીસેમ્બર - ૨૦૦૧ માંજ માગસર સુદ પૂનમના પરમ પવિત્ર દિવસે પશ્ચિમના રાજા ધિરાજ શ્રી દ્વારકાધીશના મંદિરના શિખર ઉપર ધ્વજા આરોહણ તથા શ્રી મહાવિષ્ણુયાગનો કાર્યક્રમ સંપન્ન થયો. જેના મુખ્ય નિમિત્તધારી બન્યા માંઇભકત શ્રી છોટુભાઇ નારણભાઇ પટેલ (કુચેદવાળા).

❖ સને ૨૦૦૨ ની સાલમા પ્રણાલીકાગત મહાશિવરાત્રી, ચૈત્રી નોરતા, શ્રી આનંદના ગરબાનું પાઠાત્મક અનુષ્ઠાન,માતાજીનો ૨૭ મો પાટોત્સવ (સાલગીરી), ગુરુપુર્ણિમા (વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ તથા આર્થિક સહાય), પરમ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન સવાલક્ષ શ્રી પાર્થેશ્વરપૂજન તથા સવા કરોડ પંચાક્ષર મંત્ર લેખન તથા શ્રી સોમનાથ મહાદેવ (જ્યોતીલિંગ - સૌરાષ્ટ) ના સાનિધ્યમાં વિસર્જન, પરમ પવિત્ર આસો નવરાત્રી ની ઉજવણી વિ. કાર્યક્રમો સંપન્ન થયાં.

❖ નવેમ્બર ૨૦૦૨ માં રાજ રાજેશ્વરી શ્રી અગાસીમા ની કૃપા અને પ્રેરણાથી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને પ.પૂ. શ્રી દવેબાપુના સુપુત્ર શ્રી જયેશભાઇ તથા અ.સૌ. મનીષાબેનનો અમેરિકાના ત્રણ અઠવાડિયાના ટૂંકા પ્રવાસનું આયોજન થયું જેના નિમિત્ત ધારી બન્યા માઇ ભકત શ્રી ઠાકોરભાઇ માધવભાઇ પટેલ (ગામ- આફવા હાલ કેલીફોર્નિયા - યુ.એસ.એ.)ટુંકા વિદેશપ્રવાસ દરમ્યાન માઇભકતોના અભૂતપૂર્વ પ્રેમ તથા લાગણી ના અનુભવ સાથે ત્રણેક લાખની દાનની રકમ મળી જેમાં મુખ્યત્વે શ્રી ઠાકોરભાઇ માધવભાઇ (ગામ-આફવા) તથા શ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલ (ગામ-બગુમરા) તરફથી ચૈત્રી નોરતાની આજીવન સેવા માટે રૂ. ૧,૧૧,૧૧૧/- નું ઉદાર દાન પ્રાપ્ત થયું. **ધન્યવાદ. હાર્દિક આભાર.**

❖ ડીસેમ્બર ૨૦૦૨ ના માગસર સુદી ૧૧ ના પરમ પવિત્ર દિવસે શ્રી દ્વારકાધીશ મંદીરના શિખર ઉપર ધ્વજા આરોહણનો કાર્યક્રમ સંપન્ન થયો જેના નિમિત્તધારી ગામ અસ્તાનના માઇભકત શ્રી મગનભાઇ અમાઇદાસ તથા શ્રી ગણપતભાઇ અમાઇદાસ પટેલ અને તેમના સુપુત્રો સર્વશ્રી હેમંતભાઇ તથા પંકજભાઇ (મિસીસીપી - અમેરિકા).

❖ ૨૭ મી જાન્યુઆરી ૨૦૦૩ ના પરમ પવિત્ર દિવસે "સૂચિત આરોગ્ય કેન્દ્ર" ના બાંધકામના મંગળમય પ્રારંભે ખાતમૂહૂત વિધિ સંતો-મહંતો તથા અધિષ્ઠાતા પૂ.શ્રી દવેબાપુના પરમ પવિત્ર સાનિધ્યમાં મુખ્યદાતા શ્રી છોટુભ ાઇ નારણજીભાઇ પટેલ (ગામ - કુચેદ હાલ અમેરિકા) નામુખ્ય યજમાન પદે પ્રેસીડેન્ટ એવોર્ડ વિજેતા શાસ્ત્રીજી શ્રી નિલકંઠભાઇ શુકલ (સુરત) ના આચાર્યપદે સંપન્ન થઇ અનેક ભાવિક ભકતો એ વિધી તથા ભંડારાનો લાભ લીધો.ખાતમૂહુર્ત વિધિ ની પૂર્ણાહુતિ દરમ્યાન પણ આરોગ્ય કેન્દ્ર માટેના દાનોની જાહેરાત થઇ જેમાં મુખ્યત્વે ગરીબ દર્દીઓને મફત દવા આપવા માટે એક ભંડોળ ઉભુ કરવાની રાજ રાજેશ્વરી શ્રી અગાસીમાતાએ પ્રેરણા કરી અને પ્રથમ દાનની શુભ શરૂઆત ગામ - ખોજ પારડી હાલ નોર્થકેરોલીના - અમેરિકાના માઇભકત શ્રી હીરાભાઇ ઝવેર તથા અ.સૌ. મંજુબેન હીરાભાઇ ઝવેર તરફથી **૨૫,૦૦૦/- યુ.એસ. ડોલર ના દાનથી થઇ. ધન્યવાદ. હાર્દિક આભાર.**

❖ પ્રણાલિકાગત મહાશિવરાત્રી અને ચૈત્રી નોરતા ની ઉજવણી થઇ અને ચૈત્રી દુર્ગાષ્ટમી ના શ્રી નવચંડીયજ્ઞ નો લાભ કેનેડાથી પધારેલ શ્રી અગાસીમાતા માઇમંડળ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી હસમુખભાઇ (કીકવાડવાળા) તથા અ.સૌ. જયનાબેન તથા સેવાભાવી દાતા માંઇ ભકત શ્રી સોમભાઇ અમાઇદાસ પટેલ (પીસાદ હાલ કોલોરાડો - અમેરિકા) ના મુખ્ય યજમાન પદે કાર્યક્રમ સંપન્ન થયો.

❖ સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાનો પાઠાત્મક અનુષ્ઠાનનો કાર્યક્રમ તા. ૧૪-૧૫-૧૬ એપ્રિલ દરમ્યાન સંપન્ન થયો તે સાથે જ શ્રી અગાસીમાતા માઇમંડળ પરિવારની ઉત્તરાખંડ ના રાજાધિરાજ શ્રી કેદારનાથદાદાની પ્રેરણાથી ચાર ધામ યાત્રા (શ્રી બદ્રીનાથ,કેદારનાથ,ગંગોત્રી,યમનોત્રી) માટેની તૈયારીઓ શરૂ થઇ. યાત્રા તા. ૧-૬-૨૦૦૩ થી ૨૩-૬-૨૦૦૩ દરમ્યાન સંપન્ન થનાર છે.

❖ સંત શિરોમણી બ્રહ્મલીન ૧૦૦૮ પ.પૂ. શ્રી દેવરાહબાબા (વૃંદાવન - યુ.પી.) કે જેમની કૃપા અને પ્રેરણાથી તેઓના નામે દરિદ્રનારાયણની સેવાનો ભેખ તથા તેમની ચરણપાદુકા અધિષ્ઠાતા પ.પૂ.શ્રી દવે બાપુને પ્રાપ્ત થઇ, તેમના સમાધી સ્થાને (પરમ પવિત્ર યમુનાઘાટ-વૃંદાવન) તેમના પુણ્યદિન ના પરમ પવિત્ર દિવસે તા. ૧૭-૧૮-૧૯ મી જુન ૨૦૦૩ દરમ્યાન શ્રી બાંકે બિહારીલાલ (મથુરા) ના દર્શન તથા મહાવિષ્ણુયાગ ના કાર્યક્રમ નો પૂ. બાપુએ શિવ સંકલ્પ કરેલ છે.

❖ સાથે સાથે જ આપણા પ્રમુખશ્રી હીરાભાઇ ડી. પટેલ ના સુપુત્રો સર્વશ્રી હર્ષદભાઇ તથા દ્વિપકભાઇ (નોર્થકેરેલીના - અમેરિકા ) તરફથી તેઓ સૌની સુખાકારી માટે શ્રી દ્વારકાધીશ મંદીરના શિખર પર ધ્વજા આરોહણના કાર્યક્રમનો શિવસંકલ્પ તા. ૬-૭-૨૦૦૩ ના રોજ થયેલ છે. ધન્યવાદ.

❖ આજના તા.૬-૬-૨૦૦૩ ના માતાજીના ૨૮ મા પાટોત્સવ (સાલગીરી) નો પરમપવિત્ર કાર્યક્રમ ઉજ્વાય રહયો છે. સાથે સાથે જ નવનિર્મિત ઓફિસ, સત્સંગ હોલ તથા સંતનિવાસ બિલ્ડીંગ જે આશરે રૂ. ૧૫,૦૦,૦૦૦/- ના ખર્ચે નિર્માણ થયેલ છે. તેના ઉદ્‌ઘાટનનો પણ પરમ પવિત્ર દિવસ છે. અને એ દિવસે આ શ્રી આનંદના ગરબાની

ભાવાર્થ સહિતની આવૃત્તિ ૨૦૦૩ નું વિમોચન કરતા શ્રી અગાસીમાતા માઈમંડળ અને ચેરીટેબલ પરિવાર આનંદની લાગણી અનુભવે છે.

❖ આમ શ્રી અગાસીમાતાના સ્થાનકે પૂ. બાપૂ ૯૩ વર્ષની પ્રૌઢ વયે પણ યુવાન જેવી તરવરાટથી ટ્રસ્ટની વિવિધ ધાર્મિક,આધ્યાત્મીક તથા સમાજના ઉત્થાન માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિનું કુશળ સંચાલન કરી રહ્યા છે તે આપણા અહોભાગ્યની વાત છે. આ ભયંકર કળીકાળમાં માનવી જ્યારે તન-મન-ધનથી પરિતાપ ભોગવી રહ્યો છે ત્યારે શ્રી અગાસીમાતાના શરણે આવેલ કોઈપણ બાળકનું દુઃખ માઁ અવશ્ય દૂર કરે છે. તેના એક નહિં પણ અનેક ઉદાહરણો મોજૂદ છે. માઁ માટે કરેલી કોઈપણ સેવાનું વળતર માઁ અનેક ગણુ પરત ચુકવે છે.

શ્રી અગાસીમાતા માઇ મંડળ અને શ્રી અગાસીમાતા ચરીટેબલ ટ્રસ્ટ (રજીસ્ટર્ડ ટ્રસ્ટ) ના નેજા હેઠળ વર્ષ દરમ્યાન અનેક ધાર્મિક તથા સેવાકીય કાર્યોનું આયોજન થાય છે. શ્રી હસમુખભાઈ મગનભાઈ પટેલ (કીકવાડવાળા) તથા શ્રી હીરાભાઇ ડાહ્યાભાઇ પટેલ (સીઓદવાળા) ના પ્રમુખ સ્થાને કાર્યરત બંને ટ્રસ્ટોનાં ટ્રસ્ટી મંડળ આ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસ અને સેવાકીય પ્રવૃત્તિનાં બહોળાં વ્યાપ માટે કૃતનિશ્ચયી છે. બારડોલી પ્રદેશનાં દેશ તથા વિદેશમાં વસેલા અનેક ભાવિક ભકતોના આર્થિક સહયોગ તથા અખૂટ દાનના પ્રવાહથી જ આ વિકાસ શકય બન્યો છે. ભવિષ્યમાં પણ આવો સહકાર મળતો રહે તેવી વિનંતિ. સર્વ શકિતમાન માઁ અગાસીમાઁ સર્વનું કલ્યાણ કરે અને જે વિશ્વ-સમાજમાં આપણે જન્મ લીધો છે તેની સુખાકારી અને ઉન્નતિ માટે યથા યોગ્ય સેવા કરવાની માઁ શકિત આપે એજ મંગલકામના સાથે સૌને અમારા પ્રેમથી જય અંબે.

અધિષ્ઠાતા

પ.પૂ. શ્રી દવે બાપુ

શ્રી અગાસીમાતાનું સ્વપ્ન મંદિર, બારડોલી.

**મહાશિવરાત્રી , રવિવાર , તા.૧૦.૩.૨૦૧૩**

હીરાભાઇ ડાહ્યાભાઇ પટેલ (સીયોદ)

હસમુખભાઇ મગનભાઇ પટેલ (કીકવાડ)

પ્રમુખ

શ્રી અગાસીમાતા માઇમંડળ અને ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી